Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



પિતા, પેલો, જગત વિંટતો સાગર વહે,
એને વેગે સકળ નદીનાં પાણી તે કામ વહે,
વહો એવી નિત્યે મુજ જીવનની સર્વ ઝરણી,
દયાનાં પૂણ્યોનાં, તુજ પ્રભુ; મહા સાગર ભણી.
(મહાકવી ન્હાનાલાલ)

પુસ્તક : ૯૦
અંક : ૩-૪

પોષ-મહા
જાન્યુ-ફેબ્રુ-૯૩

આત્મ સંવત ૯૭
વીર સંવત ૨૫૧૯
વીક્રમ સંવત ૨૦૪૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | જીવન સંદેશ | શ્રી વલ્લભ સૂરિજી | ૧૩ |
| (૨) | ષટ્ દર્શન જિન-અંગ ભણીજે ! | સુશીલ | ૧૪ |
| (૩) | મોક્ષ માર્ગમાં જતો અટકાવે તે મોહ | શ્રીમતી મધુબેન નવિનભાઇ શાહ | ૧૭ |
| (૪) | ધનદેવની કથા | નગીનદાસ હરજીવનદાસ શાહ | ૧૯ |
| (૫) | પાયાના સંસ્કારો | અ. કે. આર. સલોત | ૨૩ |
| (૬) | ચાલો એને ઓળખીએ | મોહનલાલ જે. સલોત | ૨૪ |
| (૭) | પુસ્તકોનું વિમોચન | ——— | ૨૫ |
| (૮) | પ્રિય દર્શના | ——— | ૨૬ |


**આ સભાના નવા માનવતા પેટ્રન**

**૧ શેઠશ્રી ખાંન્તિલાલ ફતેચંદભાઈ શાહ ■ ભાવનગર.**

**આ સભાના નવા આજીવન સભ્ય**

**૧ શ્રીમતિ હંસાબેન પ્રમોદકાન્ત શાહ ■ ભાવનગર.**

**૨ શ્રી બીપીનકુમાર વિનયચંદ શાહ ■ ભાવનગર.**

**૩ શ્રીમતી કોકીલાબેન બીપીનકુમાર શાહ ■ ભાવનગર.**

●

**"માણસ થઈને જીવીએ"**

મહત્ત્વ, માણસ થઈને જન્મ્યા એનું નથી,
પણ માણસ થઇને માનપૂર્વક વર્તીએ એનું છે.
સાચા મનુષ્ય થવા, અહિંસા, સત્ય અને બ્રહ્મચર્ય
સંભાળવા પડે.
કોઈનાય જીવને કદીય ન દુઃભવવાની અહિંસા
કોઈપણ ઇન્દ્રિયને વંશ ન જ થવાનું બ્રહ્મચર્ય
અને કદીય જુઠું ન જ બોલવાનું સત્ય
આ ત્રણનાં પાલન વડે જ માણસ માણસ બને,
નહિ તો પશુ...

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ મંત્રીશ્રી : **પ્રમોદકાંત ખીમચંદ શાહ** એમ. એ. કોમ. એલ. એલ. બી.

## જીવન સંદેશ

અત્યારે હજારો જૈન કુટુંબો પાસે ખાવા પૂરતું અન્ન નથી, પહેરવા પૂરતાં કપડાં નથી. માંદાની સારવાર માટે અને પોતાનાં બાળકોને ભણાવવા માટે પાસે પૈસા નથી. આજે મધ્યમ વર્ગનાં આપણાં ભાઈ-બહેન દુઃખની ચક્કીમાં પિસાઈ રહ્યાં છે. એમના પાસે થોડાં ઘણાં ઘરેણાં હતાં એ તો વેચાઇ ગયાં, હવે તો તેઓ વાસણ પણ વેચવા લાગ્યાં છે. કેટલાંક તો દુઃખના લીધે આપઘાત કરવાની પરિસ્થિતિમાં પહોંચી ગયાં છે; આ બધાં આપણાં જ ભાઈ-બહેન છે. એમની સ્થિતિ સુધારવાની જરૂર છે. જો મધ્યમ ગરીબ વર્ગ જીવતો રહેશે તો જન જગત પણ ટકી રહેશે. ધનિક વર્ગ લહેર કરે અને આપણા સહધર્મી ભાઇઓ ભૂખે મરે એ સામાજિક ન્યાય નહીં પણ અન્યાય છે. (વિ. સં. ૨૦૦૮; મુંબઇ)

બને કે ન બને, પણ મારો આત્મા એમ ચાહે છે કે સાંપ્રદાયિકતા દૂર થાય અને જૈન સમાજ શ્રી મહાવીર સ્વામીના નેજા નીચે એકત્રિત થઇને શ્રી મહાવીરસ્વામીની જય બોલે અને જૈન શાસનની વૃદ્ધિને માટે જૈન વિશ્વવિદ્યાલય નામે એક સંસ્થા સ્થાપિત થાય કે જેમાં પ્રત્યેક જૈન શિક્ષિત થાય; અને ધર્મને બાધ ન આવે એવી રીતે રાજ્યાધિકારમાં જૈનોનો વધારો થાય. પરિણામે બધા જૈન શિક્ષિત થાય અને એમને ભૂખનું દુઃખ ન રહે. શાસનદેવ મારી આ બધી ભાવનાઓને સફળ કરે એ જ હું ઇચ્છું છું. (વિ. સં. ૨૦૦૯; મુંબઇ)

આપણા દેશની આઝાદીમાં આપણા સૌનું કલ્યાણ છે. આઝાદીને માટે હિંદુ-મુસ્લીમ શીખની એકતા જરૂરી છે. આ એકતા આપણે ગમે તે ભોગે સાધવી પડશે જ. આપણા દેશમાં એકતા સ્થપાય તો વિશ્વશાંતિમાં આપણા દેશનું સ્થાન અનેરું બનશે તેની ખાતરી રાખશો. હિંદુ નથી ચોટીવાળા જન્મતા, મુસલમાન નથી સુન્નતવાળા જન્મતા, શીખ નથી દાઢીવાળા જન્મતા. જન્મ લીધા પછી જેવા જેના આચાર તેવો તેને રંગ ચઢે છે. આત્મા તો બધામાં એક જ છે. સર્વ મોક્ષના અધિકારી છે. સર્વે સરખા છે. આપણે બધા એક જ છીએ (વિ. સં. ૨૦૦૨; માલેરકોટલા)

—શ્રી વલ્લભ સૂરિજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ષડ્ દર્શન જિન-અંગ ભણીજે !

લેખક : સુશીલ

ઉનાળાની યુવાનીનો એ એક દિવસ હતો. સવારથી જ સૂર્યે પોતાનાં સંતપ્ત કિરણ પૃથ્વી ઉપર વેરવા માંડયાં હતાં, બપોરનો તાપ ઘરમાં વસનારાઓને માટે પણ અસહ્ય થઈ પડ્યો હતો.

આવા ધોમ ધખતા તાપમાં મુનિઓની એક મંડળી એક ગામથી બીજે ગામ જાય છે. પાસે પૂરૂં પાણી પણ નથી. જે કંઈ થોડું હતું તે પણ ખૂટવાની અણી ઉપર છે. બીજા ગામમાં શ્રાવકોની વસતી પણ ન હતી, જ્યાંથી એમને ઉપયોગપૂરતું પાણી મળી શકે.

મુનિ-મંડળી માંડ માંડ ગામ સુધી પહોંચી. પાણીનો સંગ્રહ વપરાઈ ચૂકયો હતો. કોઈએ ન્હાવા માટે ઉકાળેલા પાણીમાંથી થોડું પાણી મળશે એવી આશાથી બે-ત્રણ મુનિઓ પાણી વ્હોરવા ગામમાં ફરી રહ્યા.

જ્યાં જાય ત્યાં નકાર સિવાય બીજો શબ્દ ન સંભળાયો. પાણી વિના જ આખો દિવસ કદાચ કાઢવો પડશે. એક તો ઉનાળાની બપોર અને તેમાં યે પંજાબની ગરમી: આવે વખતે ન્હાવાને માટે પણ ઉનું પાણી કોણ કરે ?

પાણી નહીં મળે તો કઈં નહીં. છેવટે થોડી છાશ તો મળશે ને ? મુનિઓએ પાણીની વાત પડતી મૂકી, છાશને માટે શોધ ચલાવી. ગામડામાં થોડી છાશ તો જરૂર મળી રહે.

મુનિઓએ છાશની તપાસમાં પણ ઘેર ઘેરથી નકાર સાંભળ્યો. વખત વીતતો ગયો તેમ તેમ સમસ્યા વધુ ને વધુ કઠિન બનતી ચાલી. મુનિમંડળી પોતાના સ્થાન તરફ પાછી વળી.

એક ઘરના ઓટલા ઉપર એક વૃદ્ધ પુરૂષ બેઠો હતો. તેણે આ મુનિઓના મુખ ઉપર પરિસહની વ્યથા વાંચી.એ મુનિઓએ સંબોધી બોલ્યો: "સંત મહારાજ, આપને શું જોઈએ છે તે જ નથી સમજાતું. મને જરા ખુલાસાથી વાત કરો."

એક મુનિએ પોતાના આચારની વાત કહી : સંભળાવી. જૈન મુનિથી ઉકાળેલા પાણી વિના બીજું પાણી પી શકાય નહીં એ પ્રકારની પ્રતિજ્ઞા સમજાવી.

"આવા ઉનાળામાં પણ ગરમ પાણી પીશો ?" વૃદ્ધે પૂછ્યું.

"ગરમને ઠંડુ કરી શકાય: પણ જો ગરમ પાણી ન મળે તો છાશથી યે ચલાવી લેવું પડે." મુનિએ સ્પષ્ટીકરણ કરવા માંડયું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વૃદ્ધ ઉત્સાહમાં આવ્યોઃ " ત્યારે બોલતા નથી કેમ ? છાશ તો જોઈએ તેટલી મળી રહેશે. "

"અમે તો ઘેર ઘેર ભમ્યા, પણ અહીં છાશને માટે પણ કોઈ હા નથી ભણતું. " મુનિઓએ પોતાનો સ્વાનુભવ વર્ણવ્યો.

" એમ છાશ નહીં મળે, છાશ મેળવવાનો એક જુદો જ માર્ગ છે. " વૃદ્ધે માર્ગ બતાવવા માંડયોઃ " જુઓ, આ ગામમાં હીરાસીંગ કરીને એક મુખી છે. એને ત્યાં ઘણાં દુધાળાં ઢોર છે. આખું ગામ એને ત્યાંથી જ છાશ લઈ આવે છે. બીજાને ત્યાંથી છાશ લાવનારા તમને આપી શકે નહીં. તમે પોતે હીરાસંગને ત્યાં જાઓ તો તમને જોઇએ તેટલી મળી રહે."

મુનિઓ હીરાસીંગના ઘર તરફ વળ્યા. હીરાસીંગે પોતે પોતાના ઘર તરફ આવતા આ જૈન મુનિઓને જોયા. તે બહુ ઉલ્લાસપૂર્વક સામે આવી, બે હાથ જોડી ઉભો રહ્યો " અહોહો, સંતો ! પધારો ! પધારો ! "

મુનિઓએ ગામના જમીનદાર જેવા હીરાસીંગનો ગાય-ભેંસોનો વૈભવ જોયો. એને ત્યાં જાણે કે દુધ અને છાશની નદીઓ વહેતી હતી.

" સંતો શી આજ્ઞા છે ? " હીરાસીંગે એક ભાવિકની જેમ જીજ્ઞાસા બતાવી.

" બીજું તો કંઇ નહીં, પણ થોડી છાશની જરૂર છે. " તરસને લીધે સૂકા બનેલા કંઠમાંથી શબ્દો નીકળ્યા.

" જેટલા જોઇએ તેટલા ઘડા ભરી લ્યો-પીવાય એટલી પી લ્યો ! આપની કૃપાથી અહીં છાશ-દુધની લીલાલ્હેર છે ! " શીખ ગૃહસ્થ હીરાસીંગ પણ જાણે કે સત્પાત્ર મળવાથી ખૂબ જ પ્રમોદભાવ અનુભવી રહ્યા.

મુનિઓએ પોતાની પાસે જે કંઈ પાણીના પાત્ર હતા તે છાશથી ભરી લીધા. મહારાજ શ્રી આત્મારામજી એમની રાહ જોતા જ ઉતારે બેઠા હતા. મુનિઓએ છાશ સંબંધી સારોયે વૃતાંત એમને કહી સંભળાવ્યો.

પાણીને બદલે છાશ પી સૌ મુનિઓ તૃપ્ત થયાં.

" હવે તમને આજની આ ઘટનાનો એક પરમાર્થ સમજાવું. " શ્રી આત્મારામજી મહારાજે શિષ્યોના સમૂહને સંબોધી કહેવા માંડ્યું. મુનિઓ પણ એ બનાવનો પરમાર્થ સમજવા ઉત્કંઠ બન્યા.

" છાશ તો ઘેર ઘેર હતી, પણ તમને વહોરાવવાની કોઈની હિમ્મત ન ચાલી. ખરી છાશ હીરાસીંગને ત્યાં-એને એકલાને જ ત્યાં હતી. તેણે તમને ભરપેટ છાશ પીવાની અને લઈ જવાની છૂટ આપી. એને છાશનો હિસાબ જ ન હતો. " આત્મારામજી મહારાજે આજની ઘટનામાંથી પરમાર્થ તારવવા પ્રસ્તાવના કરી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંસારના સામાન્ય બનાવમાંથી, તેમની પ્રતિભા, ઘણીવાર ઘણા સાદા-સીધા સાર્વજનિક સિદ્ધાંત ઉપજાવતી. એ સાંભળી સૌ કોઇને અનન્ય આનંદ થતો.

"ગામમાં સૌને ત્યાં છાસ હતી, પણ તે હીરાસીંગને ત્યાંથી એમણે આણી હતી. એ છાશ હીરાસીંગની હોવા છતાં સૌએ પોતપોતાની અનુકૂળતા પ્રમાણે વધુ-ઓછું પાણી મેળવી, પોતાની જ છે એમ માની લીધું હતું. હીરાસીંગને એવું પાણી ભેળવવાની જરૂર ન હતી." મહારાજજીએ પરમાર્થ કહેવા માંડયો: "હીરાસીંગની છાશ એ જૈન દર્શન સમજો. જૈન દર્શનના અમુક અમુક સિદ્ધાંતને અપનાવી અન્ય દર્શનોએ પોતાના પંથ પ્રવર્ત્તાવ્યા; પરંતુ એ પંથ,એ સિદ્ધાંત, સહુને માટે એક સરખી રીતે ઉપભોગ્ય બની શકતા નથી. પોતાને ઘેર છાશ લાવ્યા પછી ગામજનો જેવી રીતે પોત પોતાને પસંદ પડે એવી રીતે પાણી ભેળવે છે તેમ અન્ય દર્શનીઓ પણ જિનશાસનના સિદ્ધાંતમાં એકાંતવાદનું પાણી મેળવે છે. એ સિવાય તો છાશ વધુ વખત ન ચાલે તેમ એ સિદ્ધાંત પણ વધુ વખત ન ચાલે. હીરાસીંગની જેમ જિનશાસન એ શુદ્ધ સિદ્ધાંતનો ભંડાર છે. જેટલા જોઇએ તેટલા નિર્દોષ-સેળભેળ વગરના, સિદ્ધાંત-ભંડારમાંથી લઈ લ્યો જિનશાસનને જરા પણ સંકોચ નહીં થાય. હીરાસીંગની છાશ ઘેર ઘેર પહોંચ્યા પછી, તે તે ઘરવાળાની છાશ ગણાશે; પણ વસ્તુતઃ એ હીરાસીંગની જ છે તેમ જિનશાસનના સિદ્ધાંત અન્ય દર્શને સ્વીકાર્યા પછી ભલે એની ઉપર એ દર્શનની મ્હોર-છાપ પડે, પરંતુ જે સાચો તત્ત્વચિંતક છે તે તો તરત જ કહી દેશે કે ષટ્દર્શન એ જિનશાસનના જ અંગ છે. જિનશાસનરૂપી ઝરણના જ એ પાણી સૌએ પોત પોતાના પાત્રો વિષે સંઘર્યા છે. એ પાત્રોમાંનાં પાણી કદાચ ખૂટી જાય એવી એમને બીક રહે એ સ્વાભાવિક છે. એ ઉછીનાં આણેલાં પાણી તમને પૂરતો સંતોષ ન આપી શકે, એ બનવાજોગ છે અને એ બહુ નિર્મલ ન હોય એમ પણ સંભવે છે. જિનશાસનને વિષે એવી કોઇ ભીતિ નથી. જિનશાસન કહે છે: તમે બીજે બીજે સ્થળે શા સારૂં ભમો છો ? આ સ્વચ્છ ઝરણ તજી, આ હીરાસીંગનું ઘર મૂકી શા સારૂ ઘેર ઘેર ઠેબા ખાવો છો : જિનશાસનના સિદ્ધાંત વિષયક દ્વાર ખોલો : એ જિનશાસન સૌ કોઈસંતનું, કલ્યાણની ભાવના રાખનારનું સ્વાગત કરવા તૈયાર છે. હીરાસીંગ જેમ તમારૂં સ્વાગત કરવા તૈયાર હતો તેમ જિનશાસન પણ પ્રાણીમાત્રને માટે ઉઘાડું છે. પીવાય એટલું પીલો, લેવાય એટલું લ્યો."

ઘણે લાંબે વખતે આ વાત કેવળ સ્મૃતિમાંથી ઉતારવામાં આવી છે, એટલે મહારાજજીએ એક સામાન્ય બનાવને અંગે જે સરસ વિવેચન કરેલું તેનો માત્ર સારાંશ જ આપીને અહીં સંતોષ લેવો પડે છે. મહારાજજીની જિનશાસન પ્રત્યેની જ્વલંત શ્રદ્ધા અને રોજરોજ બનતી ઘટનામાંથી પરમાર્થ નીપજાવવાની એમની કુશળતા જ્યારે જ્યારે સ્મરણે ચડે છે ત્યારે ત્યારે એ સ્વર્ગસ્થ પુરૂષને માટે બહુમાન ઉભરાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મોક્ષ માર્ગમાં જતો અટકાવે તે મોહ

લેખક : શ્રીમતી મધુબેન નવિનભાઇ શાહ

જે અનુષ્ઠાન, આરાધના પ્રવૃત્તિથી મોહ હટે તેનું નામ અપ્રમત્તભાવ.

ચૌદ ગુણસ્થાનક તેમાં અપ્રમત સાતમું ગુણઠાણું અપ્રમત કોને કહેવાય પૂર્વનો અભ્યાસ વૃત્તિને વિષયો તરફ વારંવાર ખેંચી જાય છે માટે સદા અપ્રમત-જાગતા રહેવું. જેના વિષય કષાય પાતળા હોય તે અપ્રમત અપ્રમત ગુણઠાણે પણ મોહતો થોડા ઘણા અંશે હોયજ દેશવિરતિને મોહનીય કર્મ જોરદાર જેનું મોહનીય કર્મ જોરદાર તે પાગલ અભવ્યને માટે મોહનીય કર્મની નીંદ અનાદિ અનંત જયાં દુર્ગુણોની પુષ્ટિ અને સદ્ગુણોનું શોષણ તેનું નામ મોહનિંદ. ગર્વિષ્ટ મનુષ્ય ભયંકર મોહ વડે પીડાય છે. વ્યક્તિ ધાર્મિક અનુષ્ઠાન ગમે તેટલું કરતી દેખાય પણ ચિત્તમાં કેવળ સ્વાર્થજ પડયો હોય, મૈત્રી, પ્રમોદ કરૂણ માધ્યસ્થ જેવા ભાવોથી વંચિત હોય, તેઓનાથી, મોહનીજ પુષ્ટી થતી રહે છે. આઠેય કર્મોની રાજધાની મોહનીય કર્મ છે. મોહનીય કર્મની સ્થિતિ સિત્તેર કોડાકોડી સાગરોપમની હોય છે. મોહ દૂર રહે વીતરાગના સાનિધ્યમાં મોહને એટલે મિથ્યાતાને દૂર કરવું હોય તો શરણાગતિ અરિહંતની.

અનંતકાળથી જીવને સંસારમાં રખડાવનાર હોય તો તે મોહ છે. મોહ આત્માનો અતિ બળવાન મહા શત્રુ છે. એ મોહરાજાએ એવી પ્રતિજ્ઞા કરી કે મારે દરેક જીવોને સંસારમાં સમુદ્ર ભ્રમણ કરાવવું. કોઇ જીવ સંસાર સમુદ્રને પાર કરીને મુક્તિ કિનારે પહોંચી ન જાય એટલા માટે એણે ઠેકાણે ઠેકાણે ઠાણાં નખ્યા છે. જયાં મોહનો નિવાસ ત્યાં આત્માના ઉત્થાન કયાંથી હોય ? આત્માને ઉન્નતિને શિખરે ચઢાવનાર ચૌદ ગુણસ્થાનક રહેલાં છે.

મોહ રાજાએ પહેલા ગુણસ્થાનકથી માંડીને અગ્યારમાં ગુણસ્થાનક સુધી એના ચોકીદારો બેસાડી દીધા છે. બારમાં ગુણસ્થાનકે ચોકી પહેરો ઉઠી જાય છે. અગ્યારમાં ગુણસ્થાનકે પહોંચેલા જીવને પણ મોહ રાજાના ચોકિદારો પહેલે ગુણ સ્થાનકે પટકાવીદે છે.ને અનંતકાળ ભવસાગરમાં રઝળાવે છે. એ મોહરાજાને એ મુંઝવણ થાય છે કે રખેકોઇ જીવ મોક્ષે પહોંચી જાય પણ જગતમાં જે મહાન પુરૂષો થઈ ગયા તેઓ મોહરાજા ઉપર વિજય મેળવીને મોક્ષમાં ગયા છે અત્યારે પણ જઇ રહ્યાં છે (મહાવિદેમાંથી) અને ભવિષ્યકાળમાં જશે.

અંતરમાં જ્ઞાનની જયોત પ્રગટે પછી સંસારમાં કોઇ પદાર્થનો મોહ રહે નહિ પ્રકાશ અંધકારને હઠાવે છે તેમ જ્ઞાન મોહને હઠાવે છે. જ્ઞાનના બળથી પદાર્થોની અસારતા સમજાય પછી મોહ કયાંથી રહે. કોઈપણ ચીજ જીવનને મોહ કે રાગદ્વેષ કરાવતી નથી. પણ તે વસ્તુ પ્રત્યેની આશક્તિને કારણે જીવ કર્મ બંધન કરે છે.

પંદરમું પાપ સ્થાનક રતિ–અરતિ રતિ–અરતિના તોફાન છે માટે મોહ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રતિ મનગમતું મળે તેમાં રચ્યો પચ્યો રહે. અરતિ ન મળે તેનું દુઃખ રહે દુર્ધ્યાન થાય શુભ વિચાર ન આવે. જેના મનમાં શુભ વિચાર હશે એને દુર્ધ્યાન કદી થવાનું નથી.

જયાં પ્રકાશ છે ત્યાં અંધકાર રહી શકતો નથી.

મુંઝાવે તે મોહઃ હું શું કરૂં ? કયાં જાઉં ? કયાંથી કેવી રીતે સુખી થાઉં, કોનો આશ્રય લઉં ? શું બોલું, એવું એવું બધું મોહનુંજ ચિંતન કહેવાય. જેટલો સંસાર સુખનો મોહ વધારે તેટલી અકળામણ વધારે.

મનના એનકવિધ તરંગો, અને અસ્થિરતાઓ અને આવેશો એ સર્વ મોહનીય કર્મના વિપાક છે પરદારગમન, વેશ્યાગમન, બળાત્કાર અને પ્રેમનો કૌભાંડો વગેરે આ મોહનીય કર્મના જુદા જુદા ફાંટાઓ છે જીવને આ સંસાર તરફ ખેંચી રાખનાર, જીવને પૌદગલિક દશા સાથે એકમેક કરીદેનાર, જીવને પોતાની જાતને તદ્દન વીસરવી દેનાર અને પરભાવને સ્વભાવ જેવો બનાવી દેનાર આ મોહનીય કર્મ છે.

જ્ઞાનીઓ કહે છે હજી બાજી હાથમાં છે. સમજયા ત્યાંથી સવાર એમ માનીને તું તારા આત્મદેવને રાજી કરીલે, પાજી મોહરાજા તુરત પકડાઈ જશે અને એ હારેલા મોહરાજા પછી તને ફરી કનડગત કરી શકશે નહીં.

# શોકાંજલિ

**શ્રી વસંતરાય દામોદરદાસ મહેતા** (બચુભાઈ કાપડીયા) ઉ.વર્ષ ૭૧ ભાવનગર મુકામે સં. ૨૦૪૯ના પોષવદ ૧૪ ગુરૂવાર તા. ૨૧–૧–૯૩ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા તેઓશ્રી ખુબજ ધાર્મિક વૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતા તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખમાં સભા સંમવેદના પ્રગટ કરેલ છે તેમના આત્માને પરમ શાન્તિ મળે એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

લી. **શ્રી જૈન આત્માનંદ સભા** ભાવનગર.

# શોકાંજલિ

**શ્રી હિંમતલાલ ધનજીભાઈ શાહ** ઉ.વર્ષ ૭૨ ભાવનગર મુકામે તા. ૩૧–૧–૯૩ના રોજ સ્વર્ગવાસ થયેલ છે તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા તેમજ આ સભાની વ્યવસ્થાપક સમિતીના અગાઉ સભ્ય તથા યાત્રા કમીટીમાં પણ સભ્ય તરીકે ખુબજ સારી સેવા આપેલ છે તેઓશ્રી ખુબજ ધાર્મિક વૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતા તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખમાં સભા સંવેદના પ્રગટ કરેલ છે, તેમના આત્માને પરમ શાન્તિ મળે એવી પરમ કૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

લી. **શ્રી જૈન આત્માનંદ સભા** ભાવનગર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધનદેવની કથા

સંપાદક : નગીનદાસ હરજીવનદાસ શાહ

આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં જ ઐરવત નામના ક્ષેત્રમાં જયત્થલ નામનું એક નાનું ખેડ–ગામ છે. ચારે પાસ ધૂળના ગઢવાળું એ ગામ કલિંગદેશરૂપ કુલાંગનાના મુખની પેઠે મનોહરવાણિય છે. જેમ કુલાંગનાનું મુખ મનોહર વાણીવાળું છે તેમ એ ગામ મનોહર વાણિય–વાણિજ્ય–વેપારવાળું છે. કર્મગ્રંથ નામના શાસ્ત્રના પ્રકરણની પેઠે બહુવિધ પ્રકૃતિ–સ્થિતિ પ્રદેશ ગહન છે એટલે જેમ કર્મગ્રંથના પ્રકરણમાં અનેક પ્રકારની કર્મની પ્રકૃતિઓની, તેમની સ્થિતિઓની અને તેમના પ્રદેશોની ગહન ચર્ચા છે તેમ એ ગામ બહુવિધ અનેક પ્રકારની પ્રકૃતિ એટલે પ્રજાઓના સ્થિતિ, નિવાસોના પ્રદેશો–સ્થાનોથી ગહન ખીચોખીચ ભરેલું છે, તથા ધન અને ધાન્યની સમૃદ્ધિથી ભરપૂર છે. એ ગામમાં વિસાહદત્ત નામે એક શેઠ રહે છે, તેને સેણા નામે સ્ત્રી છે અને તેમને સંવર અને ધનદેવ નામના બે પુત્ર છે. બંને ભાઈઓ પરસ્પર પ્રેમપૂર્વક પોતાના દિવસો વીતાવે છે.

કોઈ એક દિવસ તેના પિતાને વિચાર થયો કે–આ બે પુત્રોમાંથી કયો પુત્ર આ ઘરનો વિશેષ અભ્યુદય કરનારો નિવડશે? એની પરીક્ષા કરવી જોઈએ અને તેમાં જે ઉત્તમ નિવડે તેને કુટુંબનો અધિપતિ બનાવી તેને કુટુંબની ચિંતા ભળાવી હું પોતે જાતે નચિંત થઈ સુખે રહું. આમ વિચારી તેણે બન્ને છોકરાની પરીક્ષા કરવા એકવાર બન્ને પુત્રોને બોલાવીને કહ્યું કે–અરે પુત્રો! તમે બન્ને પાંચ હજાર સોનામહોરો લઈને જુદા જુદા દેશોમાં જાઓ અને ધન કમાવાની પોતપોતાની કુશળતા બતાવો! બન્ને ભાઇઓએ પોતાના બાપની એ વાત સાંભળી અને સાથે ઘણાં કરિયાણાં વગેરે લઇને તેઓ બન્ને જુદા જુદા દેશાંતર તરફ ગયા. તેમાનો મોટો પુત્ર સંવર દક્ષિણાપથ ભણી ગયો અને બીજો નાનો દીકરો ધનદેવ ઉત્તરાપથ તરફ ગયો.

મોટો પુત્ર સંવર કાંચીપુર પહોંચ્યો અને ત્યાં તેણે ધન કમાવાના અનેક ઉપાયો અજમાવી જોવા માંડયા. રાજાની સાથે સંબંધ બાંધી ઉત્તમ વસ્ત્ર વગેરેનાં ભેટણાં આપીને રાજાની સેવા કરવા લાગ્યો. આ રીતે રાજાની સેવા કરતો તેને જોઇને રાજસભાના લોકોએ તેને કહ્યું કે: અરે ભાઈ! આ રીતે રાજાની સેવામાં શા માટે નકામો લખલુટ ખરચ કરે છે? શું કોઇ પણ પુરુષે સર્પ, રાજા અને અગ્નિની સેવા કરીને તેમને પોતાના વશ કરી શકેલ છે? જેથી કરીને તું આમ રાજાની સેવામાં પ્રવર્તી રહે છે. **સંવર બોલ્યો:** અરે મૂઢ લોકો! આ મારી સેવાનો ખરો ઉદ્દેશ તમે જાણતા નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે–



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજદરબારમાં જવું, જેઓ માનીના પ્રીતિપાત્ર છે તેમની સેવા કરવી, કદાચ આમ કરવાથી વિશેષ પ્રકારના વૈભવોનો લાભ ન મળે તો પણ થનારા અનર્થોને તો ખરેખર જરૂર અટકાવી શકાય. 'ખર્ચ થઈ જશે' એવી બીકથી જે ડાહ્યો માનવ રાજાનો આશરો લેતો નથી તેનું અપમાન નીચ માણસો કરે એમાં શી નવાઇ? એમ નક્કી કરીને તેણે પેલા મૂઢ લોકોની રાજાની સેવા ન કરવાની શિખામણ માની નહિ અને પોતાની બુદ્ધિ પ્રમાણે ગમે તેમ કરીને તે રાજાની સેવા કરતો રહ્યો, સારા ખેતરમાં વાવેલો બીજનો જથ્થો જેમ. ભવિષ્યમાં ભારે ફળ આપે છે તેમ સંવરે માંડેલો રાજા સાથેનો વ્યવહાર તેમને ભારે ફળ આપનારો નિવડ્યો. એની વિશેષ પ્રખ્યાતિ થઇ અને રાજા સાથેના વ્યવહારના અભિમાનને લીધે સંવર ગમે તેવા ઉચ્છૃંખલ માણસ પાસેથી પણ પોતાની ઉઘરાણી યા વ્યાજ વગેરેનું નાણું મેળવી શકતો. એને પરિણામે તે જલદી ધનવાન થઈ ગયો.

આ તરફ ધનદેવ, ગજજણય નામના સ્થળ તરફ જતાં વચ્ચે એક સ્થાનમાં તેણે ઉતારો કર્યો. એ વખતે ત્યાંના રહેવાસીઓ તેની પાસે આવ્યા અને તેમણે તેની પાસેના કરિયાણાની માગણી કરી. તેથી તેમાં કેટલોક લાભ–હાંસલ મળે એમ છે તેમ ધારીને તે પોતાની પાસેનું કરિયાણું તેમને દેવા લાગ્યો. તેની સાથેના માણસોએ તો તેમ કરવાનીના પાડી અને કહ્યું કે-આ રીતે કઠેકાણે વેચી દેવાથી તું તારા હાથમાં આવેલો ઘણો–લાભ આ થોડા લાભના લોભે હારી જવાનો છે, તેમ કહ્યા છતાં તેણે તેમનું માન્યું નહીં અને ઉલટું કહ્યું કે–કોને ખબર છે કે હવે પછી આ કરિયાણાને વેચવાથી આથી પણ વધારે હાંસલ મળશે કે કેમ? માટે પ્રત્યક્ષમાં થોડો લાભ મળે છે તે લઈ લેવોજ; પણ ભાવિમાં થવાના વિશેષ લાભને કલ્પીને પ્રત્યક્ષ લાભની અવગણના કરવી તે અયુક્ત છે. એમ સમજીને તેણે પેલાઓને બધુંય કરિયાણું નજીવા હાંસલે પણ વેચી દીધું. એ વેચાણથી તેને જે ધન મળ્યું તે વડે બીજું કરિયાણું લઈને તે આગળ ચાલ્યો અને ચાલતાં ચાલતાં કેટલાક સમય પછી તે ગજજણય પહોંચી ગયો. સંશય ભરેલી વૃત્તિઓને લીધે, જેમાં પ્રત્યક્ષ લાભ મળે એવી પ્રવૃત્તિઓને તજી દઈ તે, બીજા બીજા લાભ ન મળે તેવા અસાર વ્યાપારમાં પડયો. એની એવી સ્વચ્છંદ અવળી પ્રવૃત્તિ જાણીને તેનો પરિવાર તેના તરફ બેદરકારીથી વર્તવા લાગ્યો. એવામાં તે નગરનો એક બીજો કોઈ માણસ આ ધનદેવનું મન બરાબર કળી ગયો. તેની ખૂબ સેવા કરવા લાગ્યો અને તે જેમ કહે તેમ પણ કરવા લાગ્યો. એ રીતે પેલા નગરના વ્યાપારીએ તેની સાથે એવી ભાઈબંધી કરી કે એ, તેના અભિન્ન હૈયા જેવો બની ગયો અને પછી ગમે તે બાનું બતાવી જેમ તેમ કરીને પેલો નગરપુત્રએ ધનદેવ પાસેથી પૈસો કઢાવવા લાગ્યો અને એમ કરતાં કરતાં તો એ ધનદેવ છેવટે નિર્ધન બની ગયો.

હવે વખત જતાં મરૂબકના વૃક્ષોનો રમ્ય મદ અને મનોહર તરુણીઓના વાળના જુથનું કંપન, હલન, ચલન અને ફરફરાવવું એ બધાંને લીધે તત્કાળ સુવાસિત બનેલા શિશિર ઋતુની ઠંડીથી થઇ ગયેલી નદીઓનાં પાણીને લીધે અને દુઃખે કરીને વહન કરી શકાય તેવા હિમને લીધે ઘણા જ ઠંડા થઈ જવાથી ન સહી શકાય એવા થયેલા ઉત્તર દિશાના વાયરાઓ ચારે બાજુ વાવા લાગ્યા, હેમંત ઋતુ પ્રૌઢદશાને પામી, સ્ત્રીઓનાં ગાંઢ આલિંગન કરવાની ઉત્કંઠા જેમના મનમાં વધવા લાગી છે એવા પ્રવાસી વાંઢા લોકો ચંચળ અને ઉદ્વેગવાળા થવા લાગ્યા, સ્થાને–સ્થાને ઠેક ઠેકાણે–ધર્મ માટે રાખેલી તાપની સગડીઓની આસપાસ રાંક લોકો ટોળું મળીને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તાપી વીસામો કરતા હતા, તે હવે ઘરના આંગણામાં જઈને બેસવા લાગ્યા. ટાંઢને લીધે પોતાના અંગ ઉપર પાકા તેલમાં કાલવેલા ઘટ્ટ કેસરના અંગરાગને ચોપડી શોભાયમાન બનેલા પુરજનો ઘરના છજાંની વચ્ચે દિનને છેડે સંધ્યા વખતે આંટા મારવા લાગ્યા અને ખીલના કુંદની સુગંધીઓને લીધે મનોહર લાગતા એવા વનના વાયરાઓ ચાલવા લાગ્યા.

આ જાતનો કડકડતો શિયાળો ચાલતો હતો ત્યારે એકવાર પેલો ધનદેવ પોતાના પરિવારના માણસો નિર્દોષ હોવા છતાં તેમના ઉપર દોષારોપણ કરીને વારંવાર શંકા કરતો હતો અને બહાર જવાનો હોય ત્યારે ઘરનાં બન્ને બારણાં સજજડ રીતે બરાબર બંધ કરીને, તાળું દઈને કુંચી હાથમાં રાખીને ફરતો હતો. એ રીતે તે શેરીના આગલા જ ભાગમાં રહેલી પંચની સગડી પાસે શિયાળાની ટાઢથી કંપતા શરીરને તપાવવા એકવાર વિશિષ્ટ માણસોની ગોષ્ઠીમાં બેઠો હતો ત્યારે એક ભારે કોળાહળ થયો. 'આ શું આ શું ?' એમ કરતાં ત્યાં સગડી પાસે બેઠેલા બીજા બધા માણસો બ્હી ગયા અને ઉઠીને તેઓ જે દિશામાંથી એ ઘોંઘાટનો અવાજ આવતો હતો તે દિશા તરફ જોવા લાગ્યા. તો ત્યાં ઉંચે ચડતો, પારેવાની ડોક જેવો ભૂખરો જાણે કે આકાશમાં મેઘ ન ચડયો હોય એવી શંકાથી ત્યાં ભેગા થઈ ગયેલા લોકો વાંકું શરીર અને ઉંચી ડોક કરીને જેની સામે જોતા હતા એવો ઘટ્ટ ધૂમાડો તેમણે દીઠો. 'આ કોનું ઘર બળે છે ?' એવી શંકાથી જેમનાં મન ભેદાઈ ગયેલાં છે, હૈયા ત્રાસી ઊઠયાં છે એવા લોકો ત્યાં ઉભેલા છે તેમને જોઇને એક માણસ બોલ્યો કે–આ ધનદેવનું એ ઘર બળી રહ્યું છે. એ સાંભળીને લોકોએ તેને તરત જ પોતાના બળતા ઘર તરફ જવાની સૂચના કર્યા છતાં એ શંકાશીલ વૃત્તિનો ધનદેવ પોતાના સળગતા ઘર તરફ જતો નથી ને ઊલટું એમ કહેવા લાગ્યો કે મારા ઘરમા આગ લાગવાનો સંભવ નથી; કિંતુ પડતા હિમની ઠંડીને લીધે અતિશય ઠંડી બનેલી વાત હવાથી થરથરતા એવા પ્રવાસી લોકોએ સળગાવેલા ઘાસના પુંજની આગમાંથી ધૂમાડો નીકળે છે, એ કદાચ આ દેખાતો ધૂમાડો હશે માટે શા માટે આકળા થાઓ છો ? પોતપોતાનાં સ્થાન ઉપર બેસી રહો. એવી વાત કરે છે એટલામાં આમતેમ જોતાં હાંફળાંફાફળાં બનેલા એ ધનદેવના પોતાનાં જ માણસો ત્યાં આવી પહોંચ્યા અને કહેવા લાગ્યાં કે–હે ધનદેવ! આમ કેમ સ્થિર બેઠેલો છે ? જોતો નથી કે નીચેથી ટોચ સુધીમાં મોટા મોટા તણખાઓના ફેલાવાથી ભયંકર બનેલો અને લાકડાંને બાળવાથી લાંબી ટોચવાળો થયેલો આ અગ્નિ તારું ઘર બાળી રહ્યો છે ? આ સાંભળીને તે ઉભો થયો અને બળીને ખાખ થઈ ગયેલા પોતાને ઘરે જઈ પહોંચ્યો. ત્યાં તેણે ઘરનો બધો સદર ભાગ બળી ગયેલો દીઠો. 'હવે આ માણસ કંગાળ થઈ ગયો છે.' એમ સમજીને તેના માણસોએ તેને તજી દીધો અને 'આ બાવરો છે' એમ સમજીને ત્યાંના બીજા લોકોએ તેને ફિટકાર આપ્યો.

હવે એ ધનદેવ પોતાનો નભાવ કરવાને અસમર્થ બન્યો અને તે પોતાના બાપના ઘર ભણી જવા લાગ્યો રસ્તામાં તે ભુખથી હેરાન થયો એટલે એ કોઈ એક ત્યાં આવેલા નેસડામાં ભીખ માગવા સારુ ફરવા લાગ્યો. 'આનો આકાર સુંદર છે એમ ધારીને તેના ઉપર દયા આણી કોઈ એક ગૃહિણીએ તેને આદર સાથે ખાવાનું આપ્યું. ખાઈપીને, ભૂખ તરસને શાંત કરીનેએ ત્યાંથી બહાર નીકળ્યો એટલામાં તેના મનમાં શંકા થઈ આવી કે–પેલી બાઈએ મને અતિશય આદરથી ખાવાનું આપેલું છે એથી એમ જણાય છે કે તેણીએ મારા ઉપર કાંઈ કામણટુમણ કરવા માટે એ ખાવાનું કેમ આપેલું ન હોય? એ ભોજન કામણ વગેરેના દોષવાળું હોય. આવી જાતની ઉગ્ર શંકા થવાથી તેને પેટની પીડા ઉપડી અને એ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાકષ્ટે એક નગરમાં પહોંચ્યો. ત્યાં વૈદનું ઘર પૂછીને વૈદની પાસે ગયો. પોતાને પેટપીડા ઊપડી આવી છે એ વાત વૈદને તેણે કહી સંભળાવી. વૈદે તેને પેટના શોધન માટે ઔષધ આપ્યું. પછી ગંગાના પ્રવાહની પેઠે તેનું પેટ છૂટી પડયું, તેને અતિશય ઝાડા થઇ ગયા. તેના ઉપર દયા આવવાથી વૈદે ફરીને ઓસડ આપીને સારવાર કરી તેને સાજો કર્યો. પછી શંકાનો વિચાર થોડો થોડો તજી દઈને એ, પોતાના બાપના ગામ તરફ ચાલી નીકળ્યો. ચાલતાં ચાલતાં કેટલાક સમય પછી તે પિતાને ઘેર પહોંચ્યો. એના પહોંચતાં પહેલાં જ એના પરિવારના માણસો એના પિતા પાસે આવીને એની બધી હકીકત સંભળાવી ગયેલા એટલે પિતાએ બધું પોતાના પુત્ર વિષે અગાઉથી જ જાણી લીધેલું તેથી જ્યારે એ ઘેર આવ્યો ત્યારે તેના પિતાએ તેની યોગ્ય સારવાર કરી.

બીજે કોઈ એક દિવસે એ શેઠનો મ્હોટો દીકરો સંવર આવ્યાની વધામણી આવી. શેઠ તેની સામે ગયો. લગભગ એક ગાઉ જેટલે છેટે ગયા પછી શેઠે બળદના ગળાની ઘૂઘરમાળનો અવાજ સાંભળ્યો અને પછી થોડી જ વારમાં અનેક ઊંટ, બળદ, ખચ્ચર, ગાડાં અને જવાન–પુરુષ બેસી શકે એવાં પુરુષપ્રમાણ વાહન–મ્યાના વગેરેની ઉત્તમ સામગ્રી સહિત અને અનેક ચોકીદારો સાથે શેઠનો પુત્ર ત્યાં આવી પહોંચ્યો. એ ત્યાં જ પોતાના પિતાના પગમાં નમી પડયો. એની આ બધી સામગ્રી સહિત અને ઠાઠમાઠ જોઇને જ શેઠ સમજી ગયા કે–આ મારો પુત્ર સારી રીતે ઘણું ધન કમાઇ આવેલ છે. એણે નગરમાં પ્રવેશ કર્યો, વધામણાં થયાં સારી તિથિ અને સારું મુહૂર્ત જોઇને એ આવેલા બીજા પુત્રને શેઠે પોતાના ઘરનો સ્વામી બનાવ્યો. પોતાની ગાદીએ બેસાડયો. અને પેલા ધનદેવ નામના છોકરાને નોકરો કરે એવાં કામકાજમાં જોડયો, ને પોતાના મનમાં રહેલી શંકાશીલ વૃત્તિને લીધે હમેશાં દુઃખનો ભાગી થયો.

સાર–આપણા વ્યવહારના કામકાજમાં પણ શંકાશીલ વૃત્તિને લીધે આપણે ખરેખર સર્વત્ર અસફળતા જ પામીએ છીએ તો પછી શ્રી જિનેશ્વર ભગવાને કહેલાં તત્ત્વો તરફ શંકાશીલ વૃત્તિ રાખવાથી આપણાં બધાં કલ્યાણ કાર્યો હણાઈ જાય છે. સંદેહના ગાઢ અંધકારના પુંજથી વ્યામોહ પામેલા જીવો, આ સંસારમાં તેમને પ્રાપ્ત થયેલ ચિંતામણિ રત્નને પણ ‘એ ઢેકું છે’ એમ સમજીને તજી દે છે.

પરમગુરુના મુખથી કહેવામાં આવેલાં તત્ત્વો તરફ જે અલ્પ સત્ત્વવાળો અને કલુષિત બુદ્ધિવાળો પ્રાણી વ્યામોહ વૃત્તિ દાખવે છે તે, આ જગતમાં, જેમ કોઇ તરસથી પીડા પામેલો પ્રાણી નિર્મળ પાણીથી ભરેલી તળાવડીને છોડીને ઝાંઝવાના જળના તળાવ તરફ દોડયા કરે અને દુઃખી થાય તેમ દુઃખી થાય છે. રાગ અને મોહવૃત્તિ ને લીધે માનવ ખોટું બોલે છે, શ્રી જિનેશ્વર દેવમાં રાગ અને મોહવૃત્તિ સર્વથા ક્ષીણ થયેલી હોવાથી તેમને લેશપણ ખોટું કહેવાનું કારણ નથી છતાંય જે તુચ્છ વૃત્તિવાળો માનવી એમના વચનોમાં અસત્યતાની શંકા રાખે તે આગમાંથી અમૃતના જળ જેવી શીતળતા પ્રગટે એવું વાંછનાર કોઈ મૂઢની જેવો મહામૂઢ છે. કોઈ રોગી, આપ્ત એવા વૈદ્યને જાણ્યા પછી પણ તેનાવચનમાં શંકા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાખે તો તે એ વૈદ્યની દવા નિરંતર લીધા છતાંય કદી પણ નિરોગી થઈ શકતો નથી માટે સર્વજ્ઞનાં તમામ વચનો–એક એક વચનો–તરફ અશંકાભાવે એવી રીતે રહેવું જોઈએ કે કદી પણ ચિત્તમાં સંશયનો મેલ સ્પર્શ જ ન થવા દેવો. કદાચ સૂરજ આથમણી દિશાએ પશ્ચિમમાં પણ ઊગે, સિદ્ધના જીવો સિદ્ધશિલાને પણ કદાચ તજી દે તો પણ શ્રી જિનવરનું વચન કદીય મિથ્યા થતું નથી એવી અડગ શ્રદ્ધા રાખવી જોઈએ.

એ પ્રમાણે શ્રી સમ્યક્ત્વના અતિચાર શંકાદોષ વિશે ધનદેવનું કથાનક સમાપ્ત.

(મહાસતી શારદાબાઈના વ્યાખ્યાનમાંથી)

# પાયાના સંસ્કારો

અનુવાદક : કે આર સલોત (ભાવનગર.)

આજે બાળકોને બાલપણથી ખોટા સંસ્કારો અપાય છે. પરિણામે બાળકો હિંસા, અસત્ય શીખે છે. એકવાર કોઈ શેઠને ત્યાં મહેમાન આવ્યા. મહેમાન સોફા ઉપર બેઠા છે. ત્યાં સ્કુલેથી વિદ્યાર્થી ખભે પાકીટ લટકાવીને આવ્યો તેનું ચાલવુ, બોલવાની છટા જોઈને મહેમાન સમજી ગયા કે આ છોકરો ખૂબ ચાલાક અને હોશિયાર લાગે છે મહેમાને તેને પુછ્યુ છોકરા ? તારી ઉમર કેટલી છે ? છોકરો કહે બાપુજી ? તમે મારી કઈ ઉમર પુછો છો ? મહેમાન વિચારમાં પડી ગયા, ઉમર તો એક જ હોય છતા આ છોકરો કહે છે. કે મારી કઇ ઉમર પુછો છો? છોકરો કહે મારી ઉમર ત્રણ પ્રકારની છે તમે કયા પ્રકારની ઉમર વિષે પુછો છો ? સાંભળો મારા પિતાએ જયારે મને સ્કુલે ભણવા બેસાડયો ત્યારે હું પાંચ વરસનો હતો છતાં મારા પિતાએ મને છ વર્ષનો કહ્યો અને સ્કુલમાં દાખલ કર્યો ત્યારની આ એક ઉમર, જયારે ટ્રેઈનમાં મુસાફરી કરતો હતો ત્યારે હું ૧૪ વરસનો હતો છતા મને ૧૧ વરસનો બનાવી દીધો સાથી ? અડધી ટીકીટમાં જવાય માટે અડધી ટીકીટના પૈસા ઓછા આપવા પડે, તે મારી બીજી ઉંમર અને અત્યારે હું જેટલા વરસનો છું તે મારી સાચી ઉંમર તમે ત્રણમાંથી કઇ ઉમર પુછો છો? આ સાંભળી મહેમાન તો છક્ક થઈ ગયા, છોકરાને એક વરસ સ્કુલમાં મોડો (લેઈટ) બેસાડયો હોત તો કોઇ વાંધો આવત ? ના પાયામાંજ ખોટું બોલવાના સંસ્કાર પડે, ગાડીમાં પૈસાના લોભે અસત્ય બોલ્યા તો? વળી કહો કે સમય આવે અસત્ય બોલાય તમે કેટલા પાપના ભાગીદાર થાવ છો, અહીં તમારો બચાવ થશે. પણ કર્મ રાજા આગળ તમારો બચાવ નહિ થાય, ત્યાં તો તે કર્મ વ્યાજ સહિત ભોગવવુ પડશે, માટે કર્મ બાંધતા પહેલા ખુબ વિચાર કરજો વધુ ભાવ અવસરે.

સંપાદક : કાંતીલાલ રતીલાલ સલોત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પંચપ્રતિક્રમણ

# ચાલો એને ઓળખીયે

સંપાદક : મોહનલાલ જે. સલોત

(મહા ગ્રંથમાંથી)

પ્રભાતમાં ગાવામાં આવતી સજઝાયમાં આવતા મહાપુરૂષ : "સીરીયો" એનું મૂળનામ શ્રીયકકુમાર છે. નંદરાજાના શકડાલમંત્રી અને તેમના પત્ની લક્ષ્મીવતીના સ્થુળભદ્ર કરતાં નાનાંપુત્ર શ્રીયકનામે હતા આપણે સ્થૂલીભદ્રજીનું જીવન જાણીયે છીયે પણ સજઝાયમાં બોલતા "સીરીયો" વિશે ઓછું જાણુતા હોવાથી અત્રે તેમનુ ટુંકુ જીવન રજુ કર્યું છે. તેમના પિતા શકડાલમંત્રીના મૃત્યુ બાદ તેમને મંત્રીપદ પ્રાપ્ત થયું હતું, નંદરાજાના આ મહામંત્રીશ્રીએ સોજિનમંદિરો અને ત્રણસો ધર્મશાળાઓ બંધાવી જૈન ધર્મનો ડંકો ચારે દિશામાં વગાડયો હતો. તેઓ આવા ઉચ્ચ હોદ્દા ઉપર હોવા છતાં જિન પૂજા પ્રતિક્રમણ વિગેરે ધાર્મીક ક્રિયાઓ રોજ કરતા હતા. જિન ભવન : જિન પ્રતિમા જ્ઞાન : સાધુ : સાધ્વી શ્રાવક : અને શ્રાવિકા :એ સાત ક્ષેત્રમાં ધન વાપરી જૈન શાસનની પ્રભાવના કરી શ્રીયક નામને સાર્થક કર્યુ હતું છેવટે તેમના પુત્રને નંદરાજાનું પ્રધાનપદ સોંપી દીક્ષા લીધી હતી એક વખત પર્યુષણ મહાપર્વમાં તેમના મોટાબેન યક્ષા સાધ્વીજીએ શ્રીયક મુનિને કહ્યું કે આપર્યુષણા મહા પર્વમાં કરેલ તપથી ઘણું જ પુણ્ય પ્રાપ્ત થાય છે " એમ સમજાવી નવકારશીનું પ્રત્યાખ્યાન કરાવ્યું. વળી યુકતીથી સમજાવી પોરસીનું અને અનુક્રમે સાઢ પોરસી પુરિમઢ એમ કરતાં છેવટે સાંજે ઉપવાસનું પચ્ચકખાણ કરાવ્યું કદી ભૂખ સહન કરેલી નહિ તેથી તેજ રાત્રિમાં તે શ્રીયકમુનિ કાળ કહી સ્વર્ગમાં ગયા આથી યક્ષા સાધ્વીને ઘણો જ પશ્ચતાપ કરતાં સંઘ સહિત કાઉસગમાં રહ્યા એટલે શાસનદેવી તેમને મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધર સ્વામી પાસે લઈ ગયા શ્રી સીમંધર સ્વામીએ કહયું કે શ્રીયકમુનિનું મરણ ઉપવાસને લીધે થયું નથી માત્ર તેમનું આયુષ્ય એટલું જ હતું. ઉપવાસ તો માત્ર નિમિત થવાથી શુભ ધ્યાનથી તે સ્વર્ગમાં દેવ થયેલ છે અને ત્યાંથી આવી મનુષ્યભવમાં મોક્ષમાં જશે પછી પ્રભુએ ચાર ચૂલિકા સંભળાવી તે યાદ રાખીને યક્ષા સાધ્વીને (શાસન દેવ) પાછા અહીં લાવ્યા તે બધી વાત તેમણે ગુરૂ મહારાજને કહીને પેલી ચાર ચૂલીકાઓ સોંપી જે પૈકી બે ચૂલિકા દશવૈકાલિક સૂત્રને છેડે અને બે ચૂલિકા આ ચારાંગ સૂત્રને છેડે મૂકી છે.

---

# પરની પીડાને પિછાણો

હે ભાગ્યશાળીઓ ! તમે સુખી છો, તમારી પાસે નોકર-ચાકર છે, બંગલા અને મોટર છે. પણ એ યાદ રાખજો કે આ બધું અહીં જ રહી જવાનું છે. સમાજને માટે કંઇક વિચારો. ભૂખ્યાં અને પીડિત માનવીઓના દુઃખને સાંભળો. દુખિયાના દર્દ ભર્યા સાદને સાંભળો. આજે લક્ષ્મીના ભંડાર ભર્યા છે. પણ એ પીડા કયાં છે ? જો દુઃખીઓને જોઇને પીડા જ ન જાગે તો પછી ધર્મ કયાં રહ્યો ? માનવતા કયાં રહી ? તો તો જીવન સાવ નકામું, કેવળ હાડપિંજર જેવું બની ગયું સમજવું.

—પૂ. આ. શ્રી વલ્લભસૂરીશ્વરજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પૂજ્ય મુનિશ્રી વાત્સલ્યદીપના બે પુસ્તકોનું વિમોચન

પૂજ્ય મુનિશ્રી વાત્સલ્યદીપના પુસ્તકો "જૈન સ્ટોરીઝ ફ્રોમ મુનિ વાત્સલ્યદીપ" અને "ઓઘસૂત્ર"ની વિમોચન વિધી અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવોની હાજરીમાં શ્રી ઝવેરીપાર્ક જૈન ઉપાશ્રય (અમદાવાદ–૧૩)માં જાણીતા ઉદ્યોગપતિ શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલના શુભહસ્તે તા. ૧૭–૧–૯૩ના રોજ કરવામાં આવી હતી.

પૂજ્ય મુનિશ્રી વાત્સલ્યદીપ જૈન સંઘના લબ્ધ પ્રતિષ્ઠિત લેખક, ચિંતક અને વકતા છે. પ્રથમ પુસ્તકમાં મુનિશ્રીએ જૈન ધર્મકથાઓને સરળ ભાષા અને સમજૂતી સાથે અંગ્રેજીમાં રજુ કરી છે. જ્યારે બીજી નાનકડી પુસ્તિકા "ઓઘસૂત્ર"માં તેઓશ્રીના વખતોવખતનાં ઉપયોગી ઉદ્બોધનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે પ્રખર જૈનદર્શન ચિંતક ડો. શેખરચંદ્ર જૈને ધર્મ–સાહિત્યક્ષેત્રે મુનિશ્રીએ આપેલા આ યોગદાનને બીરદાવ્યું હતું અને આ પુસ્તકોનું અન્ય ભાષાઓમાં રુપાંતર કરવાનું આવશ્યક ગણાવ્યું હતું. મુનિશ્રી વાત્સલ્યદીપે પોતાના આ કાર્યને તથા કાર્યોના ક્રમને મા સરસ્વતીની પરમ ઈચ્છાને આધિન ગણાવ્યા હતા.

આ પ્રસંગે જાણીતા અગ્રણી શ્રી ચીમનલાલ નગીનદાસ શાહ શ્રી ધીરેશ ટી. શાહ, શ્રી અશોક શંકરલાલ શાહ, શ્રી ગુણવંતભાઈ વી. શાહ, શ્રી જયંતીભાઈ સંઘવી અને વિશાળ જનસમુદાય ઉપસ્થિત રહ્યો હતો.

---

# જૈન સંસ્કૃતિના મહાન રત્ન

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ જૈન સંસ્કૃતિના મહાન રત્ન હતા. તેઓનું સમતામય જીવન સાધના અને ધર્મ જાગૃતિના ક્ષેત્રમાં પ્રેરણાના મહાન સ્રોતરૂપે સદાય યાદ રહેશે. દેશની સામાજિક અને સાંસ્કૃતિક પૃષ્ટભૂમિને સુદઢ બનાવવા તેઓએ ભગીરથ પુરુષાર્થ કર્યો; અને તેના પરિણામે તેઓને જે કંઈ પ્રાપ્ત થયું, તે ઉદાર હૃદયે માનવસમાજને અર્પણ કર્યું હતું.

સાહિત્યસાધના અને રચનામાં તેઓની અદ્ભૂત પ્રતિભા હતી, જેની ઝાંખી તેઓએ લખેલ અને સંપાદિત કરેલા ગ્રંથોમાં જોવા મળે છે. તેઓ જૈન સમાજના કર્ણધાર શ્રદ્ધાના સેતુ અને જ્ઞાન, દર્શનને ચારિત્રના એકનિષ્ઠ આરાધક હતા. તેઓની સ્મૃતિને અક્ષુણ્ણ રાખવા માટે સૌથી મોટો વિકલ્પ એ છે કે, આપણે તેઓ દ્વારા બતાવવામાં આવેલ સંયમમાર્ગનું અનુસરણ કરીએ અને જિનશાસનની પ્રભાવનામાં આપણું અમૂલ્ય પ્રદાન કરીએ.

**–આચાર્ય આનંદઋષિજી**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રિય દર્શના

ભગવાન મહાવીર યુગની ઉપાસિકાઓમાંથી

—સાભાર

(ગતાંકની ચાલુ)

ફરતો ફરતો જમાલિ એક દિવસે શ્રાવસ્તીના કોષ્ટક ચૈત્યમાં આવી ચડ્યો. હવે એ પહેલાનો જમાલિ નહોતો રહ્યો લૂખા–સૂકા આહારને લીધે એના દેહની કાંતિ હણાઈ ગઈ હતી. ભારે ભૂખ–તરસ વેઠવાની કષ્ટક્રિયાને લીધે તેમજ વાસી અને પ્રમાણરહિત ભોજન વારંવાર જમવાને લીધે તેનું સુકુમાર જેવું શરીર વ્યાધિઓનું ધામ બન્યું હતું. શ્રાવસ્તીમાં આવ્યા પછી પિત્ત-જ્વરને અંગે તેને એકદમ દાહ ઉપડયો. સહન કરવાની શક્તિ હતી ત્યાંસુધી તો તે પોતાને સ્થાને બેસી રહ્યો. પણ જ્યારે દાહ અસહ્ય લાગ્યો અને હવે પળવાર પણ બેસી શકાશે નહિ એમ લાગ્યું ત્યારે જ તેણે પોતાની સાથેના સાધુઓને પથારી પાથરવાનો આદેશ કર્યો.

પથારી પૂરી પથરાઈ–ન પથરાઈ એટલામાં તો જમાલિએ ફરી પ્રશ્નનો મારો ચલાવ્યો: "પથારી પથરાઈ કે નહિ ?" એના સ્વરમાં વેદનાની વ્યાકુળતા તરવરતી હતી.

"પથારી પથરાઈ ચૂકી." જે પાથરવાની ક્રિયા હજી ચાલતી હતી તે પૂરી થઈ ગઈ એમ માનીને એટલે કે ક્રિયમાણને કૃત માનીને એક સાધુએ જવાબ આપ્યો.

જમાલિએ આવીને જોયું તો હજી પથારી પૂરી પથરાઈ રહી નહોતી. ભકત જેમ પ્રભુના સ્વરૂપમાં તલ્લીન રહે છે તેમ વિરોધી પોતાના સમોવડિયાનું જ ચિંતન કરતો હોય છે. જમાલિને અધૂરી પથારી જોતાં જ ભ. મહાવીરનું, એમના સિદ્ધાંતનું સ્મરણ થઈ આવ્યું. પોતાના પંથના અનુયાયી સાધુ પણ હજી મહાવીરનો સિદ્ધાંત ભૂલ્યા નથી તે જોઈને એને નખથી શીખ સુધી આગ લાગી.

"અરે મિથ્યાવાદીઓ! હજી પથારી થઈ નથી છતાં થઈ છે એમ કહેતાં શરમ નથી આવતી? પળની પણ જો વાર હોય તો સંથારો થઈ ગયો એમ તમારાથી કહેવાય જ કેમ ? મહાવીરનો ક્રિયમાણને કૃત ગણવાનો સિદ્ધાંત હું જાણું છું. તમે જો ભૂલેચૂકે પણ એ સિદ્ધાંતને માનતા હો તો તમે તમને અને મને પણ છેતરી રહ્યા છો. એ સિદ્ધાંત આધાર રહિત છે." તાડૂકી–તાડૂકીને જમાલિ આમ બોલતો હતો, એટલામાં પ્રિયદર્શના પણ ત્યાં આવી પહોંચી. સંઘના નાયક જમાલિને ઠીક નથી એમ જાણીને પ્રિયદર્શના એમની ખબર પૂછવા જ આવ્યાં હતાં. એટલામાં જમાલિને રોષપૂર્વક બોલતો જોઈને તેમજ સાધુઓને શરમિંદા બનેલા જોઈને પ્રિયદર્શના બોલી:

"એક તો આચાર્યની તબીયત બરાબર નથી, અને છતાં તમે એમને આ રીતે ખીજવો છો એ ઠીક નથી થતું."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"પણ આર્યે ! એમાં કંઈ અમારો અપરાધ હોય તો અમને ખુશીથી પ્રાયશ્ચિત્ત આપો. અમે તો એમની આજ્ઞા પ્રમાણે પથારી કરતા હતા એટલામાં એમણે પૂછ્યું: પથારી થઈ ગઈ? અડધાથી વધુ પથારી પથરાઈ ગઈ હતી એટલે અમે જવાબ આપ્યો: 'થઈ ગઇ' એટલામાં તો તેઓ જાતે આવ્યા અને અમારી ઉપર લાલચોળ થઈ ગયા !"

"પણ તમારે એટલું તો સમજવું જોઈએને કે એક તપસ્વી પિત્તજવરના અસહ્ય દાહથી પીડાતો હોય ત્યારે એટલો પણ વિલંબ કેમ સહન કરી શકે ?"

"વિલંબનો તો પ્રશ્ન જ નથી. અત્યારે આચાર્યની આંખ આગળ જ્યારે ને ત્યારે ભ. મહાવીર જ રમી રહ્યા હોય છે. અત્યારે પણ મહાવીરના સિદ્ધાંતની સામે જ ઊભરા ઠલવતા હતા. અમારો કંઇ દોષ નથી." સાધુએ પોતાની નિર્દોષતા બતાવી.

સાધુને બોલતો અટકાવી જમાલિ કહેવા લાગ્યા: "હું ફરી ફરીને કહું છું કે ક્રિયામણને કૃત કહેવાનો સિદ્ધાંત ખોટા છે." પ્રિયદર્શનાને ઉદ્દેશીને તેમણે કહેવા માંડ્યું :

"ન્યાય કે તર્કનો ઝીણો કાંટો માંડવાની જરાય જરૂર નથી. વહેવારની એરણ ઉપર પણ તમારા પિતાનો સિદ્ધાંત ટકી શકતો નથી. તમે જ વિચારો કે જો ક્રિયમાણને કૃત માની લેવામાં આવે તો મારા જેવા દર્દીઓની કેવી દુર્દશા થાય ? એક સામાન્ય શબ્દાર્થની સચ્ચાઈ પણ જો તમારા પિતામાં ન હોય તો એમની પાસેથી આપણે બીજી કઈ આશા રાખીએ ?"

જમાલિ તરફ પ્રિયદર્શનાની સમવેદના ધોધવેગે વહી રહી હતી. એક તો એની કરમાયેલી–કાળી પડી ગયેલી દેહલતા અને અત્યારની ઉદ્વેગભરી પરેશાની પ્રિયદર્શનાને શૂળની જેમ ખટકતાં હતાં.

"સમજું છું, આચાર્ય દેવ. સત્ય આપની તરફણમાં છે."

"બસ, તો જ્યાં સત્ય ત્યાં સર્વજ્ઞતા." જમાલિએ સંતોષ સૂચવનારો એક ભારે નિઃશ્વાસ નાખ્યો.

જમાલિ જેવા યુવાન અને વળી સંસારદૃષ્ટિએ નિકટના સ્વજન કહી શકાય એવા વિદ્રોહીના સ્વચ્છંદ વર્તન માટે ભ. મહાવીરને કેટલી મર્મવેદના થઇ હશે તેની કલ્પના થઈ શકતી નથી. ગૌતમસ્વામી સાથેના એક સંવાદમાં મહાવીરે જમાલિને આચાર્ય ઉપાધ્યાયનો દ્વેષી, કુલ–ગણ અને સંઘનો દ્વેષી, કદાગ્રહી અને વાતનો ખોટો અર્થ કરનાર તરીકે વર્ણવ્યો છે. એકવાર તો ભ. મહાવીર ચંપામાં હતા ત્યારે જમાલિ સામે જઈને ભગવાનને કહી આવેલો કે "હું સર્વજ્ઞ છું. હું અર્હંત છું." પોતાનો એક વખતનો જમાઈ આવી ઉદ્ધતાઈ બતાવે ત્યારે બીજા કશા ખાતર નહિ તો પણ એની અવદશા માટે ભગવાનની અનુકંપાના ઝીણા તાર કેટલા જોસથી ઝણઝણી ઊઠયા હશે ? ચંડકૌશિક સર્પ જેવાની દુર્ગતિ જોયા પછી જેમની આંખનાં પોપચાં દયાના આંસુથી ભિંજાઈ ગયાં તેમને આ અધઃપાતે થોડા વલોવ્યા હશે ? એટલું છતાં મહાવીરની મહત્તા તો એ જ છે કે એમણે કોઈવાર પણ જમાલિને ઉપદેશ કે ઉપાલંભનો એક શબ્દ સરખો પણ નથી કહ્યો. શ્રમણ-સંઘની આ પહેલી નાની તડ વખત જતા મોટી બની જશે એમ સ્પષ્ટ જોવા છતાં મહાવીરે જાણે કે એને છૂટો દોર આપી દીધો છે. ભાવીના અફાટ દરિયાઈ મોજાં સામે પોતે આડો હાથ દેવાને અશક્ત હોય અને જે ભારે તોફાન ઊઠયું છે તેને એના સ્વાભાવિક માર્ગે વહી જવા દેવા સીવાય બીજો કોઇ માર્ગ ન હોય એવી અદ્ભુત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તટસ્થતા અને પોતાને વિષે અચળ શ્રદ્ધા અહીં બરાબર દેખાય છે.

જમાલિ તો ઠીક પણ પ્રભુ શું પ્રિયદર્શનાને બોલાવીને એની આંખમાં આછું આંજણુ ન આંજી શકત ? મોર જેમ પીંછથી શોભે તેમ જમાલિ પણ પ્રિયદર્શના જેવી આર્યા અને બીજી હજારેક સાધ્વીઓના સંઘ સમુદાયથી શોભતો હતો. પ્રિયદર્શના જો જમાલિનો પક્ષ મૂકી દે તો પણ એનો મદજ્વર મોળો પડે. ભગવાને ધાર્યું હોત તો પ્રિયદર્શનાને જરૂર સમજાવી શક્ત. પણ ઘણું કરીને કોઈની ઉપર અજુગતું દબાણ લાવવાની, પ્રભાવમાં આંજી નાખવાની વાત ભગવાનને નહિ રુચતી હોય. જે ભૂલો પડયો છે તે પોતાની મેળે નવા બોલપાઠ શીખીને માળામાં પાછો આવે એવી જ ઉદાર નીતિ એમણે સ્વીકારી જણાય છે.

ભ. મહાવીરના ધૈર્ય અને ગાંભીર્યની એક અનોખી ભવ્યતા આ આખા પ્રસંગ ઉપર છવાઇ ગઈ છે. પ્રિયદર્શના જમાલિ તરફના પક્ષપાતને લીધે મૂળ માર્ગ છોડી ગઈ હતી છતાં સ્ત્રી-જાતિના સ્વભાવ કે નબળાઈ વિષે નિરાશાનો એકેય ઉદ્દગાર નથી ભગવાને કાઢયો. બુદ્ધદેવે ભિક્ષુણી સંઘની સ્થાપના કર્યા પછી આનંદને એકવાર કહેલું કે સ્ત્રીઓ સંઘમાં પ્રવેશી છે એટલે હવે આપણો સંપ્રદાય બહુવાર નહિ ટકે : હજાર વર્ષ ટકવાનો હશે તો માંડ પાંચસો વર્ષ ટકશે." બુદ્ધદેવની આ વાણીમાં ભારોભાર નિરાશા ભરી છે. પ્રિયદર્શનાને સંભારીને ભગવાને આવી વાત નથી ઉચ્ચારી.

તે કાળ ને તે સમયમાં સ્ત્રી જાતિની અવગણના, અવમાનના બહુ સામાન્ય ને સ્વાભાવિક વાત ગણાતી. પુરુષની સમોવડી તે બની જ શકે નહિ એ સિદ્ધાંત વજ્રલેપ જેવો બની ચૂકયો હતો, પરંતુ જે દુર્બલ હોય, દબાયેલા હોય તેના પ્રત્યે સદ્દભાવ અને કરૂણાનું જ નિર્મલ ઝરણુ સતત વહેતું રહેવું જોઇએ એવી ભગવાન મહાવીરની ભાવના હતી. મહાશતકના જીવનનો એક જ પ્રસંગ એ વિષે બસ થશે

રાજગૃહીમાં એ વખતે મહાશતક નામનો શ્રાવક રહેતો હતો. ધનવૈભવ તો પારવગરનો હતો, પરંતુ એને એક એવી ભાર્યા મળી હતી કે જે મહાશતકને ઘડી વાર પણ નિરાંતે બેસવા નહોતી દેતી. એ સ્ત્રીએ પોતાની છ-છ શોકયોના ખૂનથી હાથ રંગ્યા હતા, અખાદ્યઅપેયનો તો એને કંઈ હિસાબ જ નહોતો. મહાશતક જેટલો વ્રતી, સંયમી, સહનશીલ હતો તેટલી જ તેની ભાર્યા, સ્વચ્છંદી, દુષ્ટ અને અધમ હતી. મહાશતક મોટે ભાગે પોતાની પૌષધશાળામાં જ રહીને ધર્મધ્યાનમાં દિવસ–રાત વિતાવતો,

એક વખત એની પેલી સ્ત્રી જાણે રક્ત-પિપાસુ રણચંડી હોય તેમ છૂટા કેશ સાથે એ પૌષધશાળામાં આવી કોઈ પણ કુલવધૂ આર્ય નારીને ન શોભે એવાં વેણ બોલવા લાગી. મહાશતક ગમે તેવો તપસ્વી, પણ માનવી હતો. એને પોતાની સ્ત્રીના આવા દુર્વર્તનને લીધે ખીજ ચડી. એણે માત્ર એટલું કહ્યું કે : " તું નરકગતિની અધિકારિણી થશે. " એટલે કે તારા ભાગ્યમાં નરકની યંત્રણા છે.

ગણધર ગૌતમના સાંભળવામાં આ વાત આવી. એમણે ભગવાનને એ હકીકત કહી. ભગવાને ગૌતમ મારફત મહાશતકને કહેવરાવ્યું કે " કોઈ પણ શ્રાવકે એવાં અનિષ્ટ અને અપ્રિય વચનો નહી કહેવાં જોઇએ. " આખરે મહાશતકને, પોતાની સ્ત્રીને કહેલાં આકરાં વેણ માટે પ્રાયશ્ચિત કરવું પડ્યું. જે દુર્બળ છે. જે દુષ્ટ છે. જે મોહાંધ છે તેનો સબળ કે સાધક ઉપર શાંતિ, ધૈર્ય, ક્ષમાનો સૌથી અધિકો હક્ક પહોંચે છે. ભ.

(ક્રમશ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) ફોર્મ-૪ નિયમ-૮ પ્રમાણે
## "શ્રી આત્માનંદ પ્રકાશ સબંધમાં નીચેની વિગતે પ્રગટ કરવામાં આવે છે."

૧. પ્રસિદ્ધિ સ્થળ : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગર.

૨. પ્રસિદ્ધિ ક્રમ : દરેક અંગ્રેજી મહિનાની સોળમી તારીખ

૩. મુદ્રકનું નામ : શેઠ હેમેન્દ્રકુમાર હરિલાલ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સુતારવાડ ભાવનગર.

૪. પ્રકાશકનું નામ : શ્રી જૈન આત્માનંદ સભા વતી, પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઇટ, ભાવનગર.

૫. તંત્રીનું નામ : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગર.

૬. સામાયિકના માલીકનું નામ : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

આથી હું પ્રમોદકાન્ત ખીમચંદ શાહ જાહેર કરૂં છું કે ઉપરની આપેલી વિગતો અમારી જાણ તથા માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧૬-૨-૯૩

**પ્રમોદકાન્ત ખીમચંદ શાહ**


### "ક્રોધ જીતવાનો ઉપાય"

આત્માની ઉન્નતિ આડેનો, મોટો અવરોધ છે
માટે જ એને જીતવો જોઈએ.
અને તે માટેનાં ઉપાય કરવા જોઈએ.
ક્રોધ ઘટાડવા કે દૂર કરવા ઉપવાસ, કરવા એ તો
ઊંટવૈદુ છે. એથી તો ક્રોધ વધી જાય.
ક્રોધને જીતવાનો ઉપાય તો મૌન અને પ્રેમ છે.
ખુબ ગુસ્સે થઈને બોલનાર સામે મૌન રાખીશું.
અને તિરસ્કાર કરનાર પ્રત્યે પ્રેમ દાખવીશું તો
ગુસ્સાનો થુસ્સો ઘટી જશે.

For Private And Personal Use Only

# એકતા અને સર્વ કલ્યાણની ઝંખના

આજના તમારા આનંદ, ઉલ્લાસ, ગુરૂપ્રેમ, શ્રદ્ધા, ભાવના અને આશીર્વાદ ત્યારે ફળે કે જ્યારે જૈનોમાં એકતા થાય. વર્ષોથી જે સાધુતાનો વેષ મેં પહેર્યો છે, સદ્‌ગુરૂનો જે સંદેશ મેં ઝીલ્યો છે, સમાજનું જે અન્ન મેં ખાધું છે, જે ગુરૂ–ભગવતોનો હું સેવક છું, પંજાબની રક્ષાનું બીડું ઝીલ્યું છે, જે શિક્ષણ–સંસ્થાઓની મેં પ્રેરણા આપી છે, જે સમાજના કલ્યાણની ભાવના મેં વર્ષોથી સેવેલી છે, જે ધર્મના ઉત્થાન માટે હું જીવી રહ્યો છું, તે સર્વની સાર્થકતા ક્યારે થશે ? રચનાત્મક ઘન સ્વરૂપમાં તે ક્યારે દેખા દેશે ?

સમય પલટાઈ રહ્યો છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અસર વ્યાપક બની રહી છે; લડાઈની ભીષણતા, મોંઘવારી, બેકારી વિગેરેથી સમાજના નૈતિક જીવન પર વ્યાપક અસર થઈ રહી છે; આવા સમયમાં જૈન સમાજની સંસ્થાઓ, મંદિરો, ઉપાશ્રયો, સાધુ–સાધ્વીઓ તેમ જ બીજા ઉપયોગી અંગોની સંભાળ કોણ લેશે ? કરોડો કમાવાથી કે લાખો જમા કરવાથી જીવનની સાર્થકતા નથી થતી. જીવનમાં પારકા માટે, સમાજ, દેશ, અને ધર્મ માટે શું કર્યું, એ જ મહત્ત્વનું છે. આજ વસ્તુ સાથે આવશે. આ મારી ભાવના છે; જગતનાં સર્વ જીવો સુખી થાવ. પ્રત્યેકના જીવનમાં આ ભાવના પ્રદીપ્ત થાવ.

—આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી

પ્રતિ,

BOOK-POST

From.
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર–૩૬૪૦૦૧

તંત્રી : પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.